# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત થલતેજ ચાર રસ્તાથી સાંઈબાબા ચાર રસ્તા તરફ જતા ડ્રાઈવ ઈન રોડ ઉપર મુક્તિધામ જૈન દેરાસર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ (અક્ષાંશ-રેખાંશ :૨૩.૦૪૯૯૨૪, ૭૨.૫૧૭૯૩૨) થી યોગ નિસર્ગોપચાર કેન્દ્રના મુખ્ય ગેટ (અક્ષાંશ-રેખાંશ:૨૩.૦૪૯૫૯૧, ૭૨.૫૧૯૯૨૯) સુધી સાંઈબાબા ચાર રસ્તાથી થલતેજ તરફ જવાના રોડ ઉપર ૧૦ થી ૧૧ મીટર જેટલો રસ્તો ખુલ્લો રાખી બાકીનો રસ્તો બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૧૮/૮/૨૦૧૯ સુધી રસ્તો બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

ડ્રાઈવ ઈન રોડ ઉપર સાંઈબાબા ચાર રસ્તાથી થલતેજ ચાર રસ્તા તરફ જતો રોડ યોગ નિસર્ગોપચાર કેન્દ્રના મુખ્ય ગેટ સામે મેટ્રો ટ્રેન પી.નં. ૬૬ થી થલતેજ ચાર રસ્તા સુધીનો રોડ ટુ-વે રહેશે. થલતેજ ચાર રસ્તાથી આવી સાંઈબાબા ચાર રસ્તા તરફ જતા વાહનોએ મેટ્રો પી.નં. ૬૩ ની જમણી બાજુ સાંઈબાબા ચાર રસ્તા તરફથી આવતા રોડ ઉપર ટુ-વે લેનમાં ડાબી બાજુ ચાલી યોગ નિસર્ગોપચાર કેન્દ્રના મુખ્ય ગેટ સામે મેટ્રો પી. નં. ૬૬ થી ડાબી બાજુ તેના નિર્ધારીત રુટ ઉપર જવાનું રહેશે. તેમજ ઉપર્યુક્ત સમગ્ર રોડ 'નો-વ્હીકલ પાર્કિંગ' ઝોન રહેશે.

મેટ્રો રેલ પ્રોજેક્ત અંતર્ગત ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૭ /૫/૨૦૧૯**

**( જે.આર.મોથલિયા )**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર